રજુ થયા તારીખ –
રજીસ્ટરે લીધા તારીખ –
ફેસલ કર્યા તારીખ –
અવધી – .... વર્ષ....માસ.... દિવસ

**દાંતા ના જ્યુડી મેજી. ( ફ.ક) સાહેબ ની કોર્ટ મા,દાંતા**

ફોજદારી કેસ નં.૧૩૫૪/૨૦૨૨

ફરિયાદી – શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી – નરેશભાઈ લાલુભાઈ કોદરવી

**ગુન્હો – પ્રોહી એકટનીકલમ 66 (1)(B)**

**– ચુકાદો –**

૧. ફરિયાદપક્ષ ના કેસ ની ટુકી હકીકત એવી છે કે, આરોપી સામે ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ ની કલમ 66(1)(b) મુજબ ના શિક્ષા ને પાત્ર ગુન્હા અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા અંગે પોલીસ દ્વારા ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવા મા આવી છે.

૨. આરોપી કોર્ટ રુબરુ હાજર થતા તેઓને પોલીસ પેપર્સ ની નકલ મફત આપ્યાની ખાત્રી કરેલ છે. ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ ની કલમ 66(1)(b) કેસ આગળ ચલાવવા મા આવેલ છે.

૩. આરોપી વિરુધ્ધ ચાર્જ ફ્રેમ કરી/પ્લી રેકર્ડ કરતા ગુન્હો કબુલ હોવા નુજણાવે છે અને ગુના ની કબુલાત પુરસીસ આપી તેઓનો પ્રથમ ગુનો હોવા નુ તથા ગરીબ બાલ બચ્ચા વાળા માણસ હોવાનુ જણાવે છે અને ભવિષ્ય મા આવો કે આવા પ્રકાર નો ગુનો ન કરવા ની કોર્ટ ને બાહેધરી અને ખાતરી આપે છે. આરોપી ને સજા અંગે ની જોગવાઈઓની સમજ આપવા મા આવેલ છે. ત્યારબાદ પણ આરોપી સદર ગુનો કબુલ કરતા હોય આરોપી ની કબુલાત સ્વેચ્છીક જણાય છે. ઉપરાંત કેસના સંજોગો ધ્યાને લેતા તથા પ્રોહી એકટની કલમ–66(1)(b) ધ્યાને લેતા તેમજ સજા ની જોગવાઇ ધ્યાને લેતા આરોપી ને ઓછી સજા કરવી ન્યયોચિત જણાય છે તેથી તમામ સંજોગો ધ્યાને લઇ ન્યાય ના હિત મા નીચે મુજબ હુકમ કરવા મા આવે છે.

**– હુકમ –**

– આ કામ ના આરોપી ને ક્રિ. પ્રો. કોડ ની કલમ ૨૫૨ મુજબ ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ ની કલમ 66(1)(b) ના ગુન્હા મા તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધી ની સજા તથા રુ. ૨૦૦/– ( અંકે રૂપિયા બસ્સો પુરા ) નો દંડ અને દંડ ની રકમ ન ભરે તો દિવસ 5 ની સાદી સાદી કેદ ની સજા ફરમાવવા મા આવે છે.

– આરોપી ના જામીન ૬ માસ સુધી ચાલુ રાખવા નો હુકમ કરવા મા આવે છે.

તા. ૨૦/૧૨/૨૦૨૨
દાંતા

Lalitkumar I Ingale
GJ 01372
Add. Civil Judge
& JMFC, Gir Ghadhada